ઈન્ફોસીટી પાસેથી પિસ્તોલ સાથે જમીન દલાલ ઝડપાયો

ઓટોમેટીક પિસ્તોલ એક મહિના પહેલા પેથાપુરના શખ્સ પાસેથી રૂ. ૨૫ હજારમાં ખરીદી હતી : ધાક જમાવવા કમરે પિસ્તોલ ટીકાવીને જમીનના સોદા કરવા જતો હતો : પિસ્તોલ વેચનાર શખ્સની પણ ધરપકડ

ગાંધીનગર, તા. ૨

ગાંધીનગરના ઈન્ફોસીટી કલબ પાસેના સર્વિસ રોડ પર લાયસન્સ વગર કમરે પિસ્તોલ લગાવીને એક શખ્સ ફરતો હોવાની બાતમીને આધારે સે-૭ પોલીસની ટીમે ગઈ મોડી સાંજે રેડ કરીને પેથાપુરના જમીન દલાલ શખ્સને ઓટોમેટીક પિસ્તોલ સાથે ઝડપી લેવામાં આવ્યો હતો. કમરે પિસ્તોલ ટીકાવીને આ શખ્સ કોઈ જગ્યાએ જમીનનો સોદો પાડવા જવાનો હતો તે પહેલા જ સે-૭ પોલીસે તેને રૂ. ૨૫ હજારની પિસ્તોલ સાથે ઝડપી લીધો છે. તપાસમાં આ શખ્સે પેથાપુરના જ એક યુવાન પાસેથી પિસ્તોલ એક મહિના પહેલા ખરીદી હોવાનું બહાર આવતા આજે તેની પણ પોલીસે ધરપકડ કરી આર્મ્સ એકટનો ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. પિસ્તોલ લાવવાનો હેતુ શું હતો તેની પણ ઝીણવટભરી તપાસ ચાલી રહી છે.

સેકટર-૭ સિનિ. પી.આઈ. જે.એમ. ભરવાડ ને ગઈ મોડી સાંજે બાતમી મળી હતી કે ઈન્ફોસીટી કલબ સર્વિસ રોડ પર કેટલાક મિત્રો ઉભા છે જે પૈકી એક શખ્સ પાસે પિસ્તોલ છે. જેને આધારે પી.આઈ. તથા ડી સ્ટાફના પીએસઆઈ એ.જી. રાઠોડ, પો.કો. રતનસિંહ, વિજભાઈ પંડયા, મૃગેન્દ્રસિંહ, યજવેન્દ્રસિંહ અને અજય શર્મા સહિતના સ્ટાફે બાતમીવાળા સ્થળે પહોંચી કમરે ઓટોમેટીક પિસ્તોલ ભરાવેલી રાખનાર પેથાપુરના જમીન દલાલ શખ્સ નરેન્દ્ર અર્જુનસિંહ ડાભીને પકડી પાડયો હતો. રૂ. ૨૫ હજારની કિંમતની આ પિસ્તોલ નરેન્દ્ર ડાભીએ એક મહિના પહેલા પેથાપુરના સૂર્યસિંહ ઉર્ફે કાળુ અમરસિંહ રાઠોડ પાસેથી ખરીદી હોવાનું તપાસમાં ખુલતા આજે પોલીસે તેને પણ પકડી પાડી ધરપકડ કરી લીધી છે. નરેન્દ્ર ડાભી જમીન દલાલી કરે છે અને જમીનનો સોદો પાડવા જઈ રહ્યો હતો. ધાક જમાવવા માટે તે કમરે પિસ્તોલ ટકાવીને જતો હોવાનું પ્રાથમિક તપાસમાં ખુલ્યું છે. પોલીસે નરેન્દ્રના ગન રાખવા પાછળનું મુળ કારણ બહાર લાવવા તથા સૂર્યસિંહે બીજી કેટલી પિસ્તોલ વેચી છે અને ક્યાંથી લાવતા હતાં? તે સહિતની ઉંડી તપાસ આરંભી છે.

શ્રાવણ મહિનો એટલે ભાવભક્તિનો પવિત્ર મહિનો ગણાય છે. પોલીસ સ્ટેશનો કે બસમાં સતનારાયણની કથા કરી કર્મચારીઓ ભક્તિનો માહોલ સર્જે છે. શ્રાવણ મહિનાના અંતિમ સોમવારે આરોગ્ય વિભાગ દ્વારા મહા આરતીનું આયોજન કરાયું હતું. (તસવીર : દિપક જાની)

આજથી સેકટર-૨માં શિવકથા આરંભાશે

ગાંધીનગર, તા. ૨

સેકટર-૨ ખાતે શિવકથાનો તા. ૩જી સપ્ટેમ્બરે બપોરે ૨.૩૦ કલાકે કોમન ચોક ગણેશ ચોકબાજુમાં પ્રારંભ થશે. વ્યાસપીઠ પર યુવા વક્તા સંજયભારતી બિરાજશે.

શિવકથા પોથીયાત્રા જશોદાબેન વરિયાના નિવાસ સ્થાનેથી નીકળી કથા સ્થળે જશે. ગોપી મહિલા મંડળ દ્વારા આનંદનો મા બહુચરનો ગરબો પણ સંભળાવશે. તો ભકતજનોને આમંત્રણ શિવકથા સમિતિએ પાઠવેલ છે.

આજે સેકટર-૨-એ ખાતે સુંદરકાંડના પાઠ યોજાશે

ગાંધીનગર, તા. ૨

શ્રી રામ ચરિત માનસના પંચમ સોપાન સુંદરકાડના સંગીતમય પાઠ વિપુલભાઈ પ્રજાપતિના યજમાનપદે અને કાન્તિભાઈ 'યોગી'ની વ્યાસપીઠે તા. ૩ સપ્ટેમ્બર ૨૦૧૩ને મંગળવારના રોજ રાત્રે ૮.૩૦ વાગે સેકટર-૨-એ પ્લોટ નં. ૧૧૬૮/૨ ખાતે યોજાશે. નગરના સૌ ભાવિક ભકતોને પધારવા અનુરોધ કરવામાં આવ્યો છે.

ઈન્દ્રોડા સર્કલ પર પંચદેવ સેવા કેન્દ્ર સાતમીથી આરંભાશે

ગાંધીનગર, તા. ૨

ગાંધીનગરના ઈન્દ્રોડા સર્કલ ચ-૦ ખાતે પંચદેવ મંદિરના યુવકો દ્વારા ભાદરવા સુદ પુનમે અંબાજી જતા યાત્રીકો માટે છેલ્લા ૧૭ વર્ષથી સેવા કેન્દ્ર ચલાવવામાં આવે છે. તા. ૭મી સપ્ટેમ્બરે સેવા કેન્દ્રનો પ્રારંભ પંચદેવ મંદિરના મહંત હુલશંકર શાસ્ત્રીજીના હસ્તે રાખવામાં આવેલ છે. ગરમ મહાપ્રસાદ, મેડિકલ સારવારની વ્યવસ્થા રાખેલ છે. અતુલભાઈ નાયકે જણાવેલ છે.

આજે વૈજનાથ મહાદેવ સેકટર-૨૧ ખાતે લઘુરૂદ્ર યોજાશે

ગાંધીનગર, તા. ૨

રુદ્રાભિષેક મંડળ ગાંધીનગર દ્વારા વૈજનાથ મહાદેવ મંદિર સે-૨૧ ખાતે તા. ૩ સપ્ટેમ્બર ૨૦૧૩ને મંગળવારના રોજ બપોરે ૪-૦૦ કલાકે લઘુરૂદ્રનું આયોજન કરવામાં આવ્યું છે તો મંડળના સર્વે સભ્યોને સમયસર મંદિરે પહોંચી જવું તેમજ લઘુરૂદ્રમાં દર્શનાર્થે પધારવા શહેરની ધર્મપ્રેમી જનતાને મહામંત્રી નરેન્દ્ર જાનીએ અનુરોધ કર્યો છે.

આજે લાયન્સ કલબ ઓફ ગાંધીનગર દ્વારા વૃક્ષારોપણ કાર્યક્રમ યોજાશે

ગાંધીનગર, તા. ૨

લાયન્સ કલબ ઓફ ગાંધીનગર દ્વારા વૃક્ષારોપણ કાર્યક્રમ તા. ૩ સપ્ટેમ્બર-૨૦૧૩ને મંગળવારના રોજ સવારે ૯.૦૦ કલાકે ચંદ્રમૌલેશ્વર મહાદેવ સેકટર-૬-બી ખાતે રાખવામાં આવેલ છે.

પવિત્ર શ્રાવણ માસમાં ૧૦૮ બીલીપત્ર પ્લાન્ટેશન ચંદ્રમૌલેશ્વર મહાદેવ ખાતે લાયન્સ કલબ ઓફ ગાંધીનગર દ્વારા કરવામાં આવશે. આ પ્રસંગે મંત્રીશ્રી ગણપતભાઈ વસાવા, મેયરશ્રી મહેન્દ્રસિંહ રાણા, ધારાસભ્યશ્રી અશોકભાઈ પટેલ, ડેપ્યુટી મેયર સુભાષ પાંડવ હાજર રહેશે. તેમજ આ વૃક્ષારોપણ કાર્યક્રમમાં સર્વ નાગરિકોને હાજર રહેવા લાયન્સ પ્રમુખ રૂચિર ભટ્ટે અનુરોધ કર્યો છે.

ભાડુઆતની જાણ ન કરનાર ત્રણ મકાન માલીકો સામે ગુનો દાખલ

ગાંધીનગર એસ.ઓ.જી.એ સેકટર-૨માં દરોડા પાડયા

ગાંધીનગર, તા. ૨

ગાંધીનગર એસ.ઓ.જી.ની ટીમે સેકટર-૨-સીમાં આકસ્મીક ચેકીંગ હાથ ધર્યુહતુ. જેમાં ત્રણ મકાન માલિકોએ મકાન ભાડે આપ્યા બાદ પણ સ્થાનિક પોલીસ મથકે ભાડુઆત અંગે જાણ ન કરી હોવાનું ધ્યાને આવતા ત્રણેય મકાન માલીકો સામે જિલ્લા કલેકટરના જાહેરનામા ભંગ બદલ ગુનો દાખલ કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

ગાંધીનગર એસ.ઓ.જી.ની ટીમે સેકટર-૨-સી પ્લોટ નં. ૮૯૯/૨ના મકાન માલીક ગંગાબેન રામજીભાઈ પરમાર, પ્લોટ નં. ૯૦૪/૨ના મકાન માલીક મનુભાઈ હિરાભાઈ પરમાર અને પ્લોટ નંબર ૮૯૬/૨ના મકાન માલીક રમેશભાઈ બાબુભાઈ જોષીના મકાનમાં દરોડા પાડયા હતા. ત્રણેય મકાન માલીકોએ મકાન ભાડે આપી દીધા હોવા છતાં પોલીસને ભાડુઆતની જાણ કરી ન હતી. ત્રણેય મકાનમાલીકો સામે સે. ૭ પોલીસમથકમાં જિલ્લા કલેકટરના જાહેરનામાં ભંગનો ગુનો દાખલ કરી મોકલી આપ્યા છે.

સચિવાલયની મહિલા કર્મચારીનો એસ.ટી. બસમાંથી દોરો ખેંચાયો

પર્યુષણને પગલે મહિલા કર્મચારી વહેલા ઘરે જવા નિકળ્યા હતા : અઢી તોલાનો દોરો ગાયબ થતા એસ.ટી.બસ પોલીસ સ્ટેશન લઈ જવાઈ

ગાંધીનગર, તા. ૨

ગાંધીનગર સચિવાલય ખાતે પર્સનલ આસીસ્ટન્ટ તરીકે નોકરી કરતી અમદાવાદ દરીયાપુરની મહિલા પર્યુષણને પગલે આજે બપોરે વહેલા ઘરે જવા નીકળી હતી. ગાંધીનગર ડેપોમાં બસમાં બેસી તે વખતે કોઈએ તેણીના ગળામાં હાથ મારીને અઢી તોલા વજનનો સોનાનો દોરો ખેંચી લેતા આખે આખી બસ પોલીસ સ્ટેશન લઈ જવાઈ હતી. પોલીસે તમામ મુસાફરોનું ચેકીંગ કર્યું પરંતુ કોઈની પાસેથી દોરો મળી આવ્યો ન હતો. મહિલા કર્મચારીની ફરીયાદને આધારે સે. ૭ પોલીસે ગુનો દાખલ કરી ઊંડી તપાસ શરૂ કરી છે.

અમદાવાદ દરિયાપુર વિસ્તારમાં રહેતા નિલમબેન ભરતકુમાર શાહ ગાંધીનગર સચિવાલય ખાતે સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગમાં પર્સનલ આસીસ્ટન્ટ તરીકે નોકરી કરે છે. પર્યુષણ પર્વને કારણે આજે બપોરે તેઓ વહેલા ઘરે જવા માટે નીકળ્યા હતા. બપોરે બે વાગ્યાના અરસામાં ગાંધીનગર એસ.ટી. ડેપોમાંથી તેમને અમદાવાદની બસ મળતાં બેસી ગયા હતા. બસમાં બેઠા તે વખતે ચઢ-ઉતર વખતે થયેલી ભીડભાડમાં કોઈએ તેમના ગળામાંથી સોનાનો અઢી તોલા વજનનો રૂ. ૪૦ હજારની કિંમતનો દોરો ખેંચી લીધો હોવાનું ધ્યાને આવતા આખી એસ.ટી. બસ પોલીસ સ્ટેશન લઈ જવામાં આવી હતી. પોલીસે તપાસણી કરી પરંતુ કોઈની પાસેથી ચેઈન મળી આવી ન હતી. સે. ૭ પોલીસે નિલમબેનની ફરીયાદને આધારે ગુનો દાખલ કરીને પી.એસ.આઈ. વી.યુ. ગડરીયાએ તપાસનો દૌર સરૂ કર્યો છે.

ગુજરાત રાજય આયુષ મહાસંઘની રચના

ગાંધીનગર, તા. ૨

ગુજરાત રાજય આયુષ મહાસંઘ દ્વારા તાજેતરમાં એક અગત્યની બેઠક મળી હતી. જેમાં મહાસંઘની રચના તથા જોડાણ માટે સર્વસંમતિ સાધવામાં તથા સર્વાનુમતે 'ગુજરાત રાજય આયુષ મહાસંઘ'ના હોદ્દેદારોની વરણી કરવામાં આવી હતી. જેમાં પ્રમુખ તરીકે ડૉ. દિનેશચંદ્ર પંડયા અને મહામંત્રી ડૉ. પ્રકાશ પંડયાની વરણી કરવામાં આવી હતી. ઉપપ્રમુખ તરીકે ડૉ. એસ.બી. પઠાણ, ઉદયન ડી. રાણા તેમજ સહમંત્રી તરીકે ગોપાલભાઈ વાય. પંડયા, શ્રીમતી પન્નાબેન ચૌધરી, સંગઠન મંત્રી તરીકે ધર્મેન્દ્રભાઈ કોઠારી, ખજાનચી તરીકે ઉપેન્દ્ર સી. પંચાલ તેમજ કારોબારી સભ્ય તરીકે હરિશભાઈ ત્રિવેદી, કેતનભાઈ પટેલ, રાજેન્દ્રસિંહ ચાવડા, વી.આર. જાડેજા, આર.એન. ભટ્ટ, પ્રકાશ ઉપાધ્યાય, દિપક શાહપુરકર, ડેનીશ શાહ, ડૉ. હિતેન્દ્ર શુકલ, શ્રીમતી આરાધનાબેન પટેલ તેમજ શ્રીમતી ભાર્ગવીબેન ભટ્ટની સર્વાનુમતે વરણી કરવામાં આવી હતી.

વિસ્મય શાહની જામીન અરજી પર આજે ચુકાદો

શહેરના ચકચારી બીએમડબલ્યુ હીટ એન્ડ રન કેસમાં સંડળાયેલા અને હાલ જેલના સળીયા પાછળ ધકેલાયેલા વિસ્મય શાહ દ્વારા દાખલ જામીન અરજીમાં બંને પક્ષો વચ્ચે દલીલો પૂર્ણ થઈ ગઈ છે. અમદાવાદ, ગ્રામ્ય સેશન્સ કોર્ટ જામીન અંગેનો ચુકાદો અનામત રાખ્યો છે. કોર્ટે આવતીકાલે ચુકાદો જાહેર કરશે. અમદાવાદના જજીસ બંગલો વિસ્તારમાં ૧૧૨ કિ.મી.ની ઝડપે બીએમડબલ્યુ કાર હંકારી બે આશાસ્પદ યુવાનો રાહુલ અને શિવમનો જીવ લેનાર વિસ્મય શાહે અમદાવાદ ગ્રામ્ય સેશન્સ કોર્ટમાં જામીન અરજી કરી હતી.

પેથાપુર ચોકડી પાસેથી દારૂ બિયરના જથ્થા સાથે બે પકડાયા

૧૮ નંગ દારૂની બોટલ અને ૭૦ નંગ બિયરના ટીન સાથે બન્નેની ધરપકડ

ગાંધીનગર, તા. ૨

ગાંધીનગર નજીકના પેથાપુર ગામની ચોકડી પાસે દારૂ-બિયર વેચવાના ઈરાદે બે શખ્સો ઉભા હોવાની બાતમીને આધારે પેથાપુર પોલીસે ગઈ મોડી સાંજે દરોડો પાડીને બે શખ્સોની દારૂ-બિયર ભરેલા થેલા સાથે ધરપકડ કરી લેવામાં આવી છે. કોઈ શખ્સ આ બન્નેને દારૂ-બિયરનો જથ્થો આપી ગયો હોવાનું જાણવા મળતા પોલીસે તે અંગે તપાસ શરૂ કરી છે. રૂ. ૧૨,૪૦૦ના દારૂ-બિયર સાથે બન્નેની ધરપકડ કરીને કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

પેથાપુર પોલીસમથકના સિનિ. પી.એસ.આઈ. એસ.જે. વાઘેલાને ગઈ મોડી સાંજે દારૂ-બિયરની બાતમી મળતાં દરોડો પાડીને બે શખ્સોને ઝડપી લીધા હતા. પેથાપુરના રાજેન્દ્ર ઊર્ફે રાજુ જગતસિંહ વાઘેલા અને માણસાના લાલસિંહ બાલુજી રાઠોડ નામના બન્ને શખ્સોના હાથમાં થેલા હતા. તેની તપાસણી કરતાં તેમાંથી ૧૮ નંગ વિદેશી દારૂની બોટલો અને ૭૦ નંગ બિયરના ટીન મળી આવ્યા હતા. બન્ને શખ્સોની પી.એસ.આઈ. એસ.જે. વાઘેલાએ રૂ. ૧૨,૪૦૦ના દારૂ-બિયરના જથ્થા સાથે ધરપકડ કરીને પુછપરછ કરતાં પ્રાથમિક તપાસમાં બહાર આવ્યું છે કે કોઈ શખ્સ રિક્ષામાં દારૂ-બિયરની પેથાપુર ચોકડીએ ડીલીવરી કરી આપી ગયો હતો. બન્ને શખ્સોની પેથાપુરમાં દારૂ-બિયર વેચવાની ગણતરી હતી. આ શખ્સોને દારૂ-બિયર કોણ આપી ગયું? અને ક્યાંથી માલ લાવ્યા હતા તે સહિતની પુછપરછ માટે રિમાન્ડ મેળવવા તજવીજ શરૂ કરવામાં આવી છે.

એલ.આઈ.સી. ૫૭મા વર્ષ નિમિત્તે વીમા સપ્તાહ ઉજવશે

(તસવીર : દિપક જાની)

વર્ષ ૨૦૧૨-૧૩ના અંતે પ્રિમિયમ પેટે રૂ. ૨૮૧.૩૨ કરોડની આવક કરી : આજે મેડીકલ કેમ્પનું આયોજન

ગાંધીનગર, તા. ૨

ભારતીય જીવન વીમા નિગમ દ્વારા ૫૭માં વર્ષમાં પ્રવેશ નિમિત્તે વીમા સપ્તાહની ઉજવણીનું આયોજન કરવામાં આવ્યું છે. વર્ષ-૨૦૧૨-૧૩ના અંતે ગાંધીનગર ડીવીઝને કુલ ૩૧૭૧૭૫ પોલીસી સાથે રૂ. ૨૮૧.૩૨ કરોડની આવક કરી છે. જ્યારે ઉત્તરાખંડ પુર હોનારતમાં અવસાન પામ્યા હોય કે લાપત્તા હોય તેવા ૪ કિસ્સામાં ૬૦.૦૭ લાખના દાવાની ચુકવણી કરવામાં આવી છે. વીમા સપ્તાહ અન્વયે ચિત્રસ્પર્ધા ઉપરાંત મેડીકલ ચેકઅપ કેમ્પનું પણ આયોજન કરવામાં આવ્યું છે.

એલ.આઈ.સી.ના ૫૭મા વર્ષમાં મંગળ પ્રવેશ નિમિત્તે વીમા સપ્તાહની ઉજવણી અન્વયે વિવિધ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું છે. આ અંગે ગાંધીનગર વિભાગના માર્કેટીંગ મેનેજર બરુનકુમાર ખાન તેમજ ડીવીઝનલ મેનેજર એસ.પી. સોમાનીએ આ અંગે માહિતી આપતા જણાવ્યું હતું કે ગત વર્ષે વિભાગીય કચેરીએ પ્રિમિયમ પેટે ૨૮૧.૩૨ કરોડની આવક કરી છે. જ્યારે જૂથ વીમા યોજના ક્ષેત્રે ૧૦૦ કરોડના લક્ષ્ય સામે કુલ ૧૦૭.૪૫ કરોડની પ્રિમિયમ આવક સાથે ૧૦૭.૪૭ ટકા લક્ષ્યસિદ્ધિ મેળવી છે. સામાજિક સુરક્ષા હેઠળ પણ કુલ ૭૯૮૮ દાવાની ચુકવણી કરવામાં આવી છે. આ ઉપરાંત ગત વર્ષના અંતે વિભાગે કુલ ૧૭૭૩૫૩ દાવા હેઠળ કુલ રૂ. ૪૫૮.૧૩ કરોડની ચુકવણી કરી છે. જ્યારે ગોલ્ડન જ્યુબિલી ફાઉન્ડેશન દ્વારા ચાલુ વર્ષ દરમિયાન ૨૦ વિદ્યાર્થીઓને રૂ. ૨ લાખની શિષ્યવૃત્તિ એનાયત કરવામાં આવી છે.

ગાંધીનગર વિભાગમાં બનાસકાંઠા વિસ્તારના દાંતીવાડા ખાતે નવી સેટેલાઈટ ઓફિસની માન્યતા આપવામાં આવી છે. જ્યારે ટુંક સમયમાં જ આ ઓફિસ કાર્યરત થશે. વીમા સપ્તાહ અન્વયે તા. ૧ સપ્ટેમ્બરના રોજ એલ.આઈ.સી. કચેરી ખાતે ચિત્ર સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ૭૫ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. આ ઉપરાંત ગ્રામ્ય વિસ્તારની શાળાઓમાં પાણીની ટાંકીનું પણ વિતરણ કરવામાં આવનાર છે. જ્યારે આજે એલ.આઈ.સી. ઓફિસ ખાતે મેડિકલ કેમ્પનું આયોજન કરવામાં આવ્યું છે.

આજે ગાંધીનગરમાં

આજનો દિવસ

સૂર્યોદય : ૬.૨૬
સૂર્યાસ્ત : ૬.૫૧

તાપમાન

મહત્તમ : ૩૪.૦ ડિ.સે.
લઘુત્તમ : ૨૬.૦ ડિ.સે.

ભેજનું પ્રમાણ

સવારે ૮૪ ટકા ● સાંજે ૬૮ ટકા

મનોરંજન

સિને મેક્સ

: સ્ક્રીન-૧ :
ચેન્નાઈ એક્ષપ્રેસ : ૯.૩૦, ૨.૪૫, ૭.૪૫
૫ કોન્જુરીંગ : ૧૨.૩૦, ૫.૩૦, ૧૦.૪૫

: સ્ક્રીન-૨ :
સત્યાગ્રહ : ૯.૦૦, ૧૨.૦૦ ૩.૦૦, ૬.૦૦, ૯.૦૦

: સ્ક્રીન-૩ :
સત્યાગ્રહઃ ૧૦.૧૫, ૧.૧૫, ૪.૧૫, ૭.૧૫, ૧૦.૧૫

: સ્ક્રીન-૪ :
મદ્રાસ કાફે : ૧૦.૪૫, ૧.૩૦, ૪.૧૫, ૭.૦૦, ૧૦.૧૫

સૂર્યા, વાવોલ્સ

સત્યાગ્રહ : ૧૨.૪૫, ૩.૪૫, ૯.૪૫
વોન્ટેડ ચાઈલ્ડ : ૧૨.૩૦, ૩.૩૦, ૯.૩૦

મૂવી પ્લેક્સ, કલોલ

: સ્ક્રીન-૧ :
સત્યાગ્રહ : ૧૦.૩૦, ૧.૩૦, ૪.૩૦, ૭.૩૦, ૧૦.૩૦

: સ્ક્રીન-૨ :
મદ્રાસ કાફે : ૧૦.૦૦, ૧.૦૦, ૭.૦૦
સત્યાગ્રહ : ૪.૦૦, ૧૦.૦૦

: સ્ક્રીન-૩ :
સત્યાગ્રહ : ૧૧.૦૦, ૮.૧૫, ૧૧.૦૦
ચેન્નાઈ એક્ષપ્રેસ : ૨.૦૦
મુંબઈ અગેઈન : ૫.૦૦

ચિરાગ, કલોલ

સત્યાગ્રહ : ૧૨.૩૦, ૩.૩૦, ૬.૩૦, ૯.૩૦

ધાર્મિક

- શ્રી શિવ-શક્તિ મહિમ્ન સ્ત્રોત મંડળ સેકટર-૨૩, ગાંધીનગર દ્વારા પવિત્ર શ્રાવણ માસ નિમિત પીંપળેશ્વર મહાદેવ, સેકટર-૨૩ દવાખાનાની બાજુમાં આવેલ છ- ટાઈપ વસાહત ખાતે શિવ મહિમ્ન પાઠ તથા સ્તુતિ વંદના.
- શ્રી સમસ્ત બ્રહ્મ સમાજ સેકટર-૨૩, ગાંધીનગર દ્વારા પવિત્ર શ્રાવણ માસ નિમિતે શ્રીમતી જશોદા બા જાની ૫૧, વિરાટનગર ખાતે શિવ મહિમ્નપાઠ અને સ્તુતિ વંદના.
- સેકટર-૨માં આવેલ કોમન ચોક ખાતે પ.પૂ. સંજયભારતીની વ્યાસપીઠે શિવકથાનો પ્રારંભ બપોરે ૨.૩૦ કલાકે.

શૈક્ષણિક

- સેકટર-૪માં આવેલ પ્રેરણા વિદ્યાલય માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિકના વિદ્યાર્થીઓ સાથે સવારે ૯.૩૦ કલાકે 'ગાંધી જીવન દર્શન' વિષય પર વાર્તાલાપ

આપની આજ

મેષ : રોગ, ઋણ, શત્રુ સંબંધી કાર્યોમાં ખર્ચ, પ્રવાસ વગેરેનો યોગ. આર્થિક રોકાણ સમજી વિચારીને કરવું. મિત્રોની સાથે સમય પસાર થશે. કૌટુંબિજનો સાથે વાદવિવાદ ટાળવો.

વૃષભ : શત્રુ પરાસ્ત થશે, વિવાદિત કાર્યોમાં સફળતા પ્રાપ્તિનો વિશેષ યોગ. આરોગ્ય સુધારો થઈ શકશે. કાર્ય અને વ્યવસાયના ક્ષેત્રમાં યોગ્ય સફળતા પ્રાપ્ત થઈ શકે છે.

મિથુન : સામાજિક સમસ્યાઓમાં સહયોગ કરવો પડશે. વિશિષ્ટ ભાગ્યવર્ધક ધાર્મિક કાર્યો થઈ શકે છે. સામાજિક ક્ષેત્રમાં પ્રતિષ્ઠા વૃદ્ધિનો યોગ બની રહ્યો છે. ધૈર્યને કારને તમારી મોટીથી મોટી આકાંક્ષા પણ પૂર્ણ થતી જણાય.

કર્ક : શૈક્ષણિક ક્ષેત્રમાં આવનારી સમસ્યાઓને સંયમ પૂર્વક ઉકેલવી. ભાગ્યવર્ધક સફળતા પ્રાપ્ત થઈ શકે છે. સામાજિક ક્ષેત્રમાં માન-સન્માન પ્રાપ્ત થશે.

સિંહ : સામાજિક કાર્યોથી યશ અને સન્માન પ્રાપ્ત થઈ શકશે. મિત્રોના સહયોગથી કાર્યમાં સફળતા મળવાની સંભાવના છે. વિનમ્રતા અને સામંજસ્યથી કામ કરવું પડશે. દિવસ મધ્યમ અને ફળદાયી પસાર થઈ શકશે. વ્યાપાર -વ્યવસાય પ્રત્યે ધ્યાન આપો.

કન્યા : કૌટુંબિક સુખથી મન પ્રસન્ન રહેશે. મિત્રોનાં સહયોગથી કાર્યમાં સફળતા મળવાની સંભાવનાઓ રહેલી છે. રોજગારના ક્ષેત્રમાં તમારો આત્મવિશ્વાસ અને મહત્વમાં વધારો થઈ શકશે.

તુલા : વ્યાપાર- વ્યવસાય ક્ષેત્રમાં નવીન કરારો પર ધ્યાન આપવું હિતકારક રહેશે. ખાનપાનમાં સંયમ રાખવું. ઉચ્ચસ્તરીય સન્માન પ્રાપ્તિ મળી શકે છે.

વૃશ્ચિક : નાણાંકીય મુશ્કેલીઓનો સામનો કરવો પડી શકે છે. સામાજિક કાર્યોમાં વ્યસ્તતા રહેશે. આર્થિક તંગી દુર થવાની સંભાવના છે. પ્રયત્નોથી લાભ થશે.

ધન : સામાજિક ક્ષેત્રમાં પ્રતિષ્ઠામાં વૃદ્ધિ થઈ શકશે. મિત્રોના સહયોગથી ઉદ્‌ભવેલ સમસ્યાનું સમાધાન મળી શકે છે. વ્યાપાર માં પ્રગતિ થશે. નોકરી- વ્યવસાયમાં અણધારી સફળતા પ્રાપ્ત થશે.

મકર : બુદ્ધિના ઉપયોગથી કાર્ય વૃદ્ધિ થશે. શત્રુઓથી હાની થવાની સંભાવનાઓ રહેલી છે. કાયદાકીય બાબતોમાં સફળતા પ્રાપ્ત થશે. આજીવિકાના ક્ષેત્રમાં સ્થિતિ સામાન્ય રહેશે.

કુંભ : જ્ઞાન શોધના કાર્યોમાં મન લાગશે. ધ્યાન, સમાધિ, ગુપ્તજ્ઞાન સંબંધી કાર્યો થશે. રાજકારણમાં પ્રતિષ્ઠા પ્રાપ્ત થશે. માનસિક દ્વંદ્વને કારણે તમારી નિર્ણય ક્ષમતા પ્રભાવિત થશે.

મીન : નવા સંબંધ બનશે. સત્સંગ થશે. માનસિક શાંતિ જાળવી રાખવી. સંતાન ઉજ્જવળ ભવિષ્યની તરફ અગ્રેસર થઈ શકશે. મિત્રોના સહયોગથી સમસ્યાઓનું સમાધાન મળી શકે છે.

ચિરવિદાય

- સ્વ. મંગૂબેન સોમાજી ઠાકોર (ઉ.વ. ૭૦)મુ.પો. હાલીસા, તા, દહેગામ, જિ. ગાંધીનગર.
- સ્વ. કંચનબેન શંભુપ્રસાદ પંડ્યા (ઉ.વ. ૯૧)પ્લોટ નં. ૧૦૧૨/૧, સેકટર-૪/એ, ગાંધીનગર.
- સ્વ. પોપટભાઈ વાડીલાલ દંતાણી (ઉ.વ. ૩૫) આદિવાડા, સેકટર-૨૮, ગાંધીનગર.